# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન
# મોક્ષમાર્ગમાં ચલાવનાર આત્મજ્ઞાનીના સ્વરૂપનું વર્ણન 'સદ્‌ગુરૂ'

| | | | |
|---|---|---|---|
| દર્શન | : દેહ અને આત્માની ભિન્નતા જાણવી | : શાસ્ત્રની સાચી સમજણ | : માર્ગાનુસારીપણું (મુમુક્ષુપણું) |
| જ્ઞાન | : દેહ અને આત્માની ભિન્નતા માનવી | : સાચા જ્ઞાનની શ્રધ્ધા | : સમકિત (સમ્યક્ત્વ) |
| ચારીત્ર | : દેહ અને આત્માની ભિન્નતા અનુભવવી | : અભ્યંતર ચારીત્ર (આત્મસાક્ષાત્કાર) | : ક્ષાયિક સમકિત |
| તપ | : દેહ અને આત્માની ભિન્નતામાં સહજ રહેવું | : સર્વ સમયે આત્માની જાગૃતિપૂર્વકનો ઉપયોગ | : અપ્રમત્ત અવસ્થા (એક અવતારીપણું) |

## જૈનો જાગો

લેખાંક : ૧૨

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

આપણે આગળના લેખાંકમાં છઠ્ઠા ગુણસ્થાનકના ૩૬ ગુણોવાળા અને ત્રણ જ્ઞાન સહીતના (મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનના ધારક) જ્ઞાની પુરુષોની વિચારણા કરી.

શ્રી ભગવાન મહાવીર સ્વામીએ પાંચમાં આરાના ભરતક્ષેત્ર માટે આપેલી દેશનામાં જણાવેલું કે લગભગ ૨૧૦૦ એકાવતારીઓ થશે. તો એક અવતારીઓમાં કેવા ગુણો, કેવા લક્ષણો, કેવા ભાવ, કેવી વિચારદશા અને કેવી જ્ઞાનદશા હોય તેની વિચારણા કરીએ.

*** સત્સંગ ***

**સર્વ ધર્મમાં પડેલા સમાન તત્વોનો સાર એ મોક્ષ માર્ગ,**
**એ તત્વોની વિચારણા એનું નામ સત્સંગ.**
**વિચારણા કરવા મળીએ**
**તેમાં વ્રત, તપ, જપનો આગ્રહ ન હોય.**

જો જીવ મોટી ઉંમરે છઠ્ઠા ગુણસ્થાનકમાં આવે તો લગભગ સંપ્રદાયનું સ્થાપન કરીને જીવ છઠ્ઠે અટકે છે. (છઠ્ઠુ અને તેરમું ગુણસ્થાનક ઉપદેશકનું) અને જો મધ્યમ અથવા નાની ઉંમર હોય, સંપ્રદાય સ્થાપવાની અનુકુળતા ન હોય (ઉદય કર્મ સંસારી વ્યવહારનો હોય), આવતા ભવનું આયુષ્ય, નામકર્મ, ગોત્ર વિગેરે બાંધેલું ન હોય અને આગળ વધવા બળવાન આલંબન મળે તો જીવ સાતમા ગુણસ્થાનકમાં જાય છે.

આપણે વ્યવહારમાં શાસ્ત્રમાં આપેલું એક અવતારીપણું સ્વીકારીએ છીએ, પણ સાતમું ગુણસ્થાનક અને મનઃપર્યવ જ્ઞાન સ્વીકારતા નથી. જો સાતમું ગુણસ્થાનક અને મનઃપર્યવજ્ઞાન ન સ્વીકારીએ તો એક અવતારીપણું કેવીરીતે સ્વીકારી શકાય? જીવ સાતમા ગુણસ્થાનકમાં આવ્યા વગર એક અવતારીપણું નિયમથી થતો નથી. (નામ, ગોત્ર, આયુષ્ય વિગેરે ભવબંધન પ્રકૃતિનો ક્ષય સાતમા ગુણસ્થાનકમાં જ થાય છે.) જીવ એક ભવમાં આવતા એક ભવનું આયુષ્ય બાંધે છે, વધારે નહીં. (જીવ એક સાથે બે ભવનું આયુષ્ય ન બાંધી શકે) જીવે નામકર્મ, ગોત્રકર્મ અને આયુષ્યકર્મ પ્રકૃતિનો ક્ષય કરી લેવાથી જીવ એકાવતારી બને છે. (જીવ ઈચ્છે તો પણ બે ભવ ન કરી શકે.)

પાંચમાં આરામાં ભરતક્ષેત્રમાં એક અવતારી જીવો સાતમા ગુણસ્થાનકમાં આવ્યા પછી જ એક અવતારી તરીકે ગણાય. અને સાતમા ગુણસ્થાનકમાં આવ્યાથી જીવને મનઃપર્યવજ્ઞાન પ્રગટ થાય છે. શાસ્ત્રના આધાર પ્રમાણે લગભગ ૨૧૦૦ એક અવતારી જ્ઞાની પુરૂષો પાંચમાં આરાના અંત સુધીમાં થશે અને મોટા ભાગના એક અવતારી જ્ઞાની પુરૂષો સંસારી વેશમાં હશે. અને તેની અનુમોદના નજીકના કાળમાં શ્રીમદ બુધ્ધિસાગરસૂરીદેવે વિજાપુર તીર્થ ખાતે કરેલી છે. જો આ કાળમાં સાતમા ગુણસ્થાનક સુધી જીવો આવવાના ન હોત અથવા આવતા ન હોત તો ચૌદ ગુણસ્થાનકનું અને યશોવિજયજી ભગવંતની આઠ દ્રષ્ટિની સજ્ઝાયની જરૂર શી ?

જીવ સાતમા ગુણસ્થાનકમાં આવીને **ઈચ્છારહીતની સ્થિતી** પ્રાપ્ત કરે છે. કાળ અને ક્ષેત્રથી ઉદયમાં આવતા કર્મથી જીવન વ્યતીત કરે છે. (બાળજીવને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી કર્મ ઉદયમાં આવે છે.) શુભ અને અશુભનો આરંભ અને પરિગ્રહની ગ્રંથિઓનો ક્ષય થવાથી ધર્મના અથવા સંસારના કોઈપણ કાર્યનો આરંભ કરતા નથી, અને સદેહે મનોનાશ થવાથી વિચારવિહીન સ્થિતી પ્રાપ્ત થાય છે. (મનનો સદેહે નાશ થાય છે, મનનું બંધારણ કષાયસહીતનું નાશ થાય છે.)

### ઈચ્છારહીતની સ્થિતી – સાતમું ગુણસ્થાનક

૧. જીવન પણ નથી જોઇતું, ..... મરણ પણ નથી જોઈતું.
૨. સત્સંગ પણ નથી જોઇતો, ... અસત્સંગ પણ નથી જોઈતો.
૩. ત્યાગ પણ નથી જોઈતો, ..... વૈરાગ્ય પણ નથી જોઈતો.
૪. ગૃહવાસ પણ નથી જોઈતો, .. વનવાસ પણ નથી જોઈતો.
૫. સુખ પણ નથી જોઈતું, ....... દુઃખ પણ નથી જોઈતું.
૬. સંસારીપણું પણ નથી જોઈતું, સાધુપણું પણ નથી જોઈતું.
૭. પુણ્ય પણ નથી જોઇતું, ...... પાપ પણ નથી જોઇતું.
૮. સંગ પણ નથી જોઇતો, ...... અસંગ પણ નથી જોઇતો.
૯. માન પણ નથી જોઇતું, ....... અપમાન પણ નથી જોઇતું.
૧૦. ગુરૂપણું નથી જોઇતું, ....... શિષ્યપણું પણ નથી જોઇતું.
૧૧. રાગ પણ નથી જોઇતો, .... દ્વેષ પણ નથી જોઇતો.
૧૨. ધર્મ પણ નથી જોઇતો, ..... અધર્મ પણ નથી જોઇતો.
૧૩. પરિણામ પણ નથી આપવા ... અપરિણામી પણ નથી રાખવા.
૧૪. દિવસ પણ નથી જોઇતો, .. રાત્રિ પણ નથી જોઇતી.
૧૫. સ્થળ પણ નથી જોઇતું, .... સ્થળાંતર પણ નથી જાઈતું.
૧૬. મોક્ષ પણ નથી જોઇતો, .... ભવભ્રમણ પણ નથી જોઇતુ.
૧૭. આહાર પણ નથી જોઇતો, . અણાહારી પણ નથી રહેવું.
૧૮. નિંદ્રા પણ નથી જોઇતી. ... અનિંદ્રા પણ નથી જોઇતી.
૧૯. સ્વાવલંબીપણું પણ નથી જોઇતું, પરાવલંબીપણું પણ નથી જોઇતું.
૨૦. દેહ પણ નથી જોઇતો, ..... અદેહ પણ નથી જોઇતો.

વિગેરે અનેક પ્રકારના ઈચ્છારહીતના લક્ષણો યોગે કરીને ભાવિ લેખાંકમાં લખશું.

જીવ સાતમા ગુણસ્થાનકમાં આવીને લાંબો સમય રહે તો આઠમા ગુણસ્થાનકનું દ્રવ્યે તૈયાર થાય છે. (ક્ષેપક શ્રેણીની દ્રવ્યે તૈયારી થાય) અને આવતા ભવમાં મોક્ષગામી બને ત્યારે કાં સહજ સ્વરૂપે કેવળજ્ઞાની બને અથવા ગણધરપદ પામે (શ્રી ગણધર પરમાત્માને સાતમા ગુણસ્થાનકનો પુરૂષાર્થ લગભગ હોતો નથી) અને ગણધરપદ ન હોય તો જેવી રીતે ભરતક્ષેત્રમાં શ્રી ભરતચક્રવર્તી (શ્રી ઋષભદેવના સમયના) અને શ્રી ઈલાઈચીકુમાર (શ્રી મહાવીર સ્વામીના સમયના) જેવી રીતે કેવળજ્ઞાન પામ્યા એવી રીતે સહજ રીતે કેવળજ્ઞાન પામે અથવા શ્રી મહાવીર સ્વામીના સમયે ઘણા જીવો શ્રી તીર્થંકર મહાવીર સ્વામીનું નામ સાંભળીને કેવળજ્ઞાન પામ્યા, ઘણા જીવો શ્રી પરમાત્માના દર્શન કરીને કેવળજ્ઞાન પામ્યા અને ઘણા જીવો શ્રી પરમાત્માની અપૂર્વ વાણી સાંભળીને કેવળજ્ઞાન પામ્યા (નિમીત્ત માત્રથી કેવળજ્ઞાન પામ્યા) એવી રીતે ભરતક્ષેત્રના આ કાળના એક અવતારીઓ લાંબો સમય સાતમા ગુણસ્થાનકમાં રહે તો આવતા ભવમાં ઉપર જણાવ્યા પ્રમાણે કેવળજ્ઞાન પામે.

*** સત્સંગનું ફળ ***

**દેહનું અને નામનું માન ન હોત તો મોક્ષ અહીંયા જ છે. મોક્ષસુખનો અનુભવ સદ્‌ગુરૂના ચરણમાં છે.**
**(દેહ અને નામના મમત્વ વગરની સ્થિતી)**

**સર્વ દુઃખોનું મુળ ઈચ્છા**

**૧. ઈચ્છા છે ત્યાં વિચાર છે.**
**૨. વિચાર છે ત્યાં વિકલ્પ છે.**
**૩. વિકલ્પ છે ત્યાં સંકલ્પ છે.**
**૪. સંકલ્પ છે ત્યાં આગ્રહ છે.**
**૫. આગ્રહ છે ત્યાં દુરાગ્રહ છે.**
**૬. દુરાગ્રહ છે ત્યાં રાગ-દ્વેષ છે.**
**૭. રાગ-દ્વેષ છે ત્યાં અજ્ઞાન છે.**
**૮. અજ્ઞાન છે ત્યાં અનંત ભવભ્રમણ છે.**

શ્રી તીર્થંકર પરમાત્માને જન્મથી ત્રણ જ્ઞાન હોય છે અને સંસારનો ઉદયકર્મ પુરો થવાથી ગૃહવાસ ત્યાગીને સાધનાના માર્ગે જ્યારે પ્રયાણ કરે છે ત્યારે શ્રી તીર્થંકર પરમાત્માને ચોથું જ્ઞાન **મનઃપર્યવજ્ઞાન** પ્રગટ થાય છે અને સાધનાકાળમાં સાતમાં ગુણસ્થાનકે અપ્રમત્ત અવસ્થામાં ઘણો સમય રહે છે અને સાધનાકાળ પૂરો થવા આવે ત્યારે શ્રી તીર્થંકર પરમાત્મા ભાવે આઠમા ગુણસ્થાનકમાં ક્ષેપક શ્રેણીથી તેરમાં ગુણસ્થાનકે કેવળજ્ઞાન પ્રકાશીત થાય છે. પરમાત્મા માતાની કુક્ષીમાં આવે છે ત્યારથી શ્રી તીર્થંકર નામકર્મ ઉદયમાં હોય છે (શ્રી તીર્થંકર પરમાત્માને જન્મથી ત્રણ જ્ઞાન હોય છે) અને શ્રી તીર્થંકર નામકર્મ હોવાથી ધર્મનું સ્થાપન કરે છે.

હવે પછી આગળના લેખાંકમાં સાતમા ગુણસ્થાનકના જ્ઞાની પુરૂષોના ગુણો અને લક્ષણોની વિચારણા કરીશું.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઇપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઇપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઇપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઇપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઇને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.